/

ક્રમાંક: માવિ.૩/કરૂણા અભિયાન/૨૦૧૮/૫૨૯-૩૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

બનાસકાંઠા, પાલનપુર

તા.૦૫/૦૧/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ

વિષય: "કરૂણા અભિયાન-૨૦૧૮" બાબત.

સંદર્ભ: (૧) ગુજરાત રાજ્ય વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૧૮/૧૨/૨૦૧૭ ના પત્ર અન્વયે.

(૨) કલેક્ટર કચેરી બનાસકાંઠા, પાલનપુરના પત્ર ક્રમાંક નં. ૨૧/૪૮ તા.૦૧/૦૧/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર (૧) અને (૨) અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણ પર્વના ભાગરૂપે ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી-૨૦૧૮ સુધી પતંગના દોરાથી ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરૂણા અભિયાન" હાથ ધરવામાં આવેલ છે. તો સદર કાર્યક્રમ હેઠળ વનવિભાગને પૂરતો સહયોગ આપવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા,પાલનપુર

<u>બિડાણ:</u> ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના:</u>

- મહે. કલેક્ટરશ્રી,

  કલેક્ટર કચેરી, બનાસકાંઠા તરફ જાણ સારું.

- નાયબ વનસંરક્ષણશ્રી,

  સામાજીક વનીકરણ વિભાગ, બનાસકાંઠા પાલનપુર તરફ જાણ સારું.

ફોન નં. ૦૨૭૪૨ - ૨૫૫૭૮૩ ફેકસ નં.૦૨૭૪૨ - ૨૫૨૭૪૦

# કલેક્ટર કચેરી બનાસકાંઠા

જોરાવર પેલેસ,પાલનપુર - ૩૮૫૦૦૧

તાત્કાલિક

નં.સી./હિસાબ/જનરલ/વશી ૨૧/૪૮ પાલનપુર, તા. ૯/૧૨/૨૦૧૭

પ્રતિ,

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં, બનાસકાંઠા,પાલનપુર

(૨) નાયબ પશુપાલન નિયામકશ્રી, જિ.પં બનાસકાંઠા,પાલનપુર

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (રાજ્ય) બનાસકાંઠા,પાલનપુર

(૪) જિલ્લા મ્યુનિસીપલ અધિકારીશ્રી, બનાસકાંઠા,પાલનપુર

(૫) પ્રાંત અધિકારીશ્રી,..............................................(તમામ)

(૬) મામલતદારશ્રી, ..............................................(તમામ)

વિષય:- "કરૂણા અભિયાન - ૨૦૧૮" બાબત

ઉપરોકત વિષય પરત્વે જયભારત સહ જણાવવાનુંકે, અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરની કચેરીના તા.૧૮/૧૨/૨૦૧૭ ના પત્ર મુજબ ૧૪ મી જાન્યુઆરી ઉત્તરાયણ પર્વના ભાગરૂપે તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૨૦/૦૧/૨૦૧૮ દરમ્યાન ઘાયલ પશુ પક્ષીના સારવાર માટે કરૂણા અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જે પત્રની નકલ આ સાથે સામેલ છે. સદર કાર્યક્રમ અંતર્ગત આપની કચેરી તેમજ આપના તાબાની તમામ કચેરીઓ/સંસ્થાઓનો સક્રિય સહયોગ વનવિભાગને મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી થવા વિનંતી છે.

કલેક્ટર બનાસકાંઠા વતી

બિડાણ:- ઉપર મુજબ

નકલ સ. રવાના:- નાયબ વનસંરક્ષણશ્રી, સામાજિક વનિકરણ વિભાગ, બનાસકાંઠા,પાલનપુર તરફ

નકલ સ. રવાના:- નાયબ વન સંરક્ષકશ્રી નોર્મલ, બનાસકાંઠા,પાલનપુર તરફ

૨/- જાણ વ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ સાદર રવાના:-.અધિક મુખ્ય સચિવશ્રી,ગુજરાત રાજ્ય,વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગરતરફ.

૨/- આપના પત્રની જાણ થવા વિનંતી છે.

સત્યમેવ જયતે

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ

અરવિંદ અગ્રવાલ આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ

સરદાર પટેલ ભવન, બ્લોક નં. ૧૪, આઠમો માળ,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

તા: /૧૨/૨૦૧૭

18 DEC 2017

પ્રતિ,
કલેકટરશ્રી,
બનાસકાંઠા. પાલનપુર.

વિષય:- "કરુણા અભિયાન"-૨૦૧૮.

સંદર્ભ: સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના પરિપત્ર તા:૨૭/૧૨/૨૦૧૬ ક્રમાંક:વપસ/૧૦૨૦૧૬/૨૩૧૪/ડબ્લ્યુ

આપ સુવિદીત હશો કે, રાજયમાં વન વિભાગ દ્વારા ગત વર્ષેથી ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી પતંગના દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરુણા અભિયાન " હાથ ધરવામાં આવે છે.

"કરુણા અભિયાન" ગુજરાત સરકારનો કુદરત પ્રત્યે શ્રેષ્ઠ અભિગમ દર્શાવતો એક આગવો કાર્યક્રમ બનવા પામેલ છે. આખા દેશમાં એકમાત્ર ગુજરાત રાજ્યમાં પક્ષી સંરક્ષણ માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. "કરુણા અભિયાન" કાર્યક્રમ પક્ષી સંરક્ષણ માટેનો એક શ્રેષ્ઠ દાખલો પુરો પાડે છે. આથી દેશભરમાં ગુજરાતની આગવી ઓળખ બનવા પામેલ છે.

ઉત્તરાયણ પર્વની ઉજવણી દરમ્યાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે તાલુકા/ જિલ્લા સ્તરે તેમજ મોટા શહેરોમાં માહિતીની આપ- લે માટે કંટ્રોલ રૂમ તેમજ જુદા-જુદા સારવાર કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવે છે.

વર્ષ- ૨૦૧૮ માં પણ ઉત્તરાયણ વખતે તા. ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી સુધી રાજ્યના સમગ્ર વિસ્તારને આવરી લઈ "કરુણા અભિયાન" કાર્યક્રમનું આયોજન હાથ ધરવા સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે. આ કાર્યક્રમાં આપના જિલ્લાના વિસ્તારમાં સરકારશ્રીના તમામ વિભાગો, સરકારી સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાનો વગેરે તમામ સંબંધિતનો સક્રિય સહયોગ વન વિભાગને મળી રહે તે માટે આપની કક્ષાએથી સંબંધિતોને સુચના આપશો અને આપની કક્ષાએથી આ પુણ્ય કાર્યમાં જિલ્લા કક્ષાએ સંકલન કરવામાં સહયોગ/ નેતૃત્વ પુરૂં પાડશો તેવી વિનંતી કરુ છું.

27 DEC 2017

20 DEC 2017

આપનો વિશ્વાસુ

અરવિંદ અગ્રવાલ
સરકારના અધિક મુખ્ય સચિવ

• ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૦૫૧, ૨૩૨૫૧૦૫૩ • ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૨૧૫૬ • Email : secfed@gujarat.gov.in
www.fed.gujarat.gov.in